RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 121 Date: 22.02.2024 Thursday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# રાજકોટમાં વડાપ્રધાન મોદી ૧૪ હજાર કરોડના વિકાસ પ્રોજેકટોનું કરશે લોકાર્પણ-ખાતમુહૂર્ત




રાજકોટ,તા.૨૧

રાજકોટમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી એઈમ્સ અને ઝનાના હોસ્પિટલની સાથોસાથ સૌરાષ્ટ્ર ગુજરાતનાં ૧૪ હજાર કરોડના વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરનાર છે. જેમાં રેલ્વે, પાણી પુરવઠા, માર્ગ-મકાન, આરોગ્ય સહિતના ૨૩ પ્રોજેકટોનું લોકાર્પણ કરી પ્રજાને સમર્પિત કરનાર છે. તેની સાથોસાથ અન્ય ૨૩ વિકાસ પ્રોજેકટોનું ખાતમુહૂત-ભૂમિપૂજન પણ કરનાર હોય આ વિકાસ પ્રોજેકટોની સૂચિ (યાદી) વહીવટી તંત્ર દ્વારા મુખ્યમંત્રી કાર્યાલયને મોકલી દેવામાં આવેલ છે. આ વિકાસ પ્રોજેકટોના લોકાર્પણ અને ખાતમુહૂર્તની યાદીને સીએમઓ કાર્યાલયમાંથી મંજૂરી મળ્યા બાદ વડાપ્રધાનના કાર્યક્રમના આમંત્રણ કાર્ડ પ્રિન્ટીંગ માટે સંભવત આજે સાંજે અથવા કાલે આપી દેવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ૧૩૫૫ કરોડના ખર્ચે તૈયાર થયેલા રાજકોટ-સુરેન્દ્રનગર રેલ્વે ડબલ ટ્રેકીંગ પ્રોજેકટનું લોકાર્પણ થશે. તેની સાથોસાથ સૌરાષ્ટ્રના નાગરિકોને ૩૮૮૨ કરોડના નેશનલ હાઈવેના વિકાસ કામોની પણ તેઓ પ્રજાને ભેટ આપશે.

આ પ્રસંગે રૂા.૧૫૫૪ કરોડના ખર્ચે સામખીયાળી-સાંતલપુર વચ્ચે બનનારા સીકસલેન નેશનલ હાઈવેનું ખાતમુહૂર્ત પણ [illegible] કરનાર છે. આ ઉપરાંત ભાવનગર-તળાજા વચ્ચે રૂા.૧૧૮૫ કરોડના ફોરલેન હાઈવે અને ભાવનગર-પીપળી વચ્ચે રૂા.૧૧૪૩ કરોડનું લોકાર્પણ પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવનાર છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે આયોજીત જનસભાના સ્થળે પરથી જ કરોડોના આ વિકાસ પ્રોજેકટોના ઈ-લોકાર્પણ કરશે. જેમાં આરોગ્ય, માર્ગ-મકાન, ઉર્જા પેટ્રો કેમીકલ્સ, પાણી પુરવઠા, રેલ્વે સહિતના પ્રોજેકટોનો સમાવેશ કરવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા.૨૫ને રવિવારના ભગવાન શ્રી કૃષ્ણની નગરી દ્વારકા ખાતેથી બપોરના હેલી કોપ્ટર મારફતે સીધા રાજકોટ એઈમ્સ ખાતે આવી પહોંચી એઈમ્સનું નિરીક્ષણ કરશે જે બાદ તેઓ હેલીકોપ્ટર મારફતે જુના એરપોર્ટે પહોંચશે અને જયાંથી રેસકોર્ષ ગ્રાઉન્ડ સુધીનો તેમનો રોડ-શો યોજાશે. આ રોડ શોના ૮૦૦ મીટરના રૂટ પર ઠેર-ઠેર વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનું ભવ્ય અભિવાદન કરવામાં આવશે. આ રોડ શો માટે તંત્ર દ્વારા બેરીકેટ સહિતની કામગીરી પણ શરૂ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત રેસકોર્ષ ગ્રાઉન્ડમાં વડાપ્રધાનની યોજાનાર જનસભા માટે એક લાખની જનમેદની એકત્રી કરવાનો ટાર્ગેટ અપાયો હોય આ જનમેદની એકત્રીત કરવા માટે વહીવટી તંત્ર અને ભાજપ દ્વારા પૂરજોશમાં તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. જેમાં બહારગામથી જનમેદનીને લાવવા માટે એસટીની ૧૪૦૦ જેટલી બસો દોડાવવામાં આવનાર છે.

વડાપ્રધાનના આ કાર્યક્રમ માટે ગઈકાલે નેશનલ હેલ્થ મીશનના ડાયરેકટર રેમ્યા મોહન, તેમજ આરોગ્ય સચિવ, કેન્દ્રીય સચિવ સહિતના અધિકારીઓના કાફલાએ એઈમ્સ અને રેસકોર્ષ ગ્રાઉન્ડની રૂબરૂ મુલાકાત લીધી હતી. તેની સાથોસાથ કલેકટર કચેરી ખાતે કલેકટર સહિતના અધિકારીઓની સાથે મેરેથોન બેઠક યોજી વડાપ્રધાનના આ કાર્યક્રમની તૈયારીની સમીક્ષા કરી હતી. ગઈકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા પણ રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોશી સહીતના અધિકારીઓ સાથે પણ આ મામલે ખાસ વિડીયો કોન્ફરન્સ આયોજીત કરવામાં આવી હતી. જેમાં રાજકોટ સહિતના છ જીલ્લાના કલેકટરો જોડાયા હતા. વડાપ્રધાનના આ કાર્યક્રમ અંગેની તૈયારીઓને વહીવટી તંત્ર દ્વારા આખરીઓપ આપી દેવામાં આવેલ છે.સૌરાષ્ટ્રમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા.૨૫ ફેબ્રુઆરીએ પધારી રહ્યા છે. ત્યારે આગામી પ્રવાસની વ્યવસ્થા અને આયોજન અંગેની પુર્વતૈયારીના ભાગરૂપે પ્રદેશ મહામંત્રી વિનોદભાઈ ચાવડાની ઉપસ્થિતિમાં અને સૌરાષ્ટ્રઝોનના તમામ આગેવાનોની હાજરીમાં રાજકોટ શહેર કમલમ્ કાર્યાલય ખાતે બેઠક યોજાઈ હતી.અયોધ્યા ખાતે રામ મંદિરનાં નિર્માણ બાદ સૌ પ્રથમવાર સૌરાષ્ટ્રનાં પાટનગર રાજકોટ ખાતે વડાપ્રધાન નરેન્દ્રમોદી પધારી રહ્યા છે. ત્યારે આગમનને વધાવવાના આયોજન માટે મેયર બંગલા ખાતે સર્વે સમાજનાં આગેવાનોની ઉપસ્થિતિમાં બેઠક મળી હતી.

## ૨૪ વર્ષીય ભારતીય હવે અમેરિકામાં સેનેટની ચૂંટણી લડશે, હિન્દુ ધર્મ પર વાત

વૉશિંગ્ટન,તા.૨૧

ભારતીય-અમેરિકન નાગરિક અશ્વિન રામાસ્વામી યુએસ વિધાનસભા માટે ચૂંટણી લડનારા પ્રથમ ભારતીય અમેરિકન જનરલ-ઝેડ બન્યા છે. માત્ર ૨૪ વર્ષના રામાસ્વામી અમેરિકી રાજ્ય જ્યોર્જિયાની સેનેટ સીટ પરથી ચૂંટણી લડી રહ્યા છે. રામાસ્વામીને સમુદાયના નવા ઉભરતા નેતા તરીકે જોવામાં આવી રહ્યા છે. રામાસ્વામીના માતા-પિતા ૧૯૯૦માં તમિલનાડુથી અમેરિકા આવ્યા હતા.

ચેહ-ઢ એ એક શબ્દ છે જે સોશિયલ મીડિયા પર ચર્ચામાં આવ્યો છે, જેનો અર્થ છે ૧૯૯૭ અને ૨૦૧૨ ની વચ્ચે જન્મેલ છોકરો અથવા છોકરી. રામાસ્વામી, બીજી પેઢીના ડેમોક્રેટ, જ્યોર્જિયાના ડિસ્ટ્રિક્ટ ૪૮માં સ્ટેટ સેનેટ માટે ચૂંટણી લડી રહ્યા છે. રામાસ્વામી આઉટગોઈંગ રિપબ્લિકન શૉન સ્ટિલનું સ્થાન લેશે તેવી આશા છે. જો તે ચૂંટણી જીતશે તો જ્યોર્જિયા વિધાનસભામાં ચૂંટાયેલા પ્રથમ ભારતીય અમેરિકન બનશે. રામાસ્વામીએ સોફ્ટવેર એન્જિનિયરિંગ, ચૂંટણી સુરક્ષા અને ટેકનોલોજી કાયદા અને નીતિ સંશોધનમાં કારકિર્દી બનાવી છે.રામાસ્વામીએ તાજેતરના ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે હું મારા સમુદાય માટે રાજ્યની સેનેટની ચૂંટણી લડી રહ્યો છું. હું એ સુનિશ્ચિત કરવા માંગુ છું કે દરેકને મારી પાસે સમાન તકો મળે. હું ખાતરી કરવા માંગુ છું કે સમુદાય પાસે નવો અવાજ છે. યુવાનો રાજકારણમાં જોડાય ત્યારે પ્રતિનિધિત્વ વધે છે.

## ખેડુતોની દિલ્હી કૂચ શરૂ થતા જ બ્રેક: વાટાઘાટ માટે ફરી કેન્દ્રની ઓફર

નવીદિલ્હી,તા.૨૧

ટેકાના ભાવને કાનુની માન્યતા મુદે પંજાબ-હરિયાણાની શંભુ બોર્ડર પર આંદોલન ચલાવી રહેલા હજારો ખેડુતોની દિલ્હી કૂચ રોકવા એક તરફ સરહદ પર કાંટાળી તાર, સિમેન્ટ, કોંક્રીટના ગડર તેમજ વિશાળ જેસીબી અને પેલીકેન મશીનની આડસ ગોઠવી દેવામાં આવી છે તો આજે સવારે ૧૧ વાગ્યાથી શરુ થયેલી કિસાનોની દિલ્હી કૂચને રોકવા ફરી એક વખત કેન્દ્ર સરકારે વાટાઘાટનું આમંત્રણ આપતા જ કૂચને થોડો સમય માટે રોકી દેવાઈ છે.૧૪ હજારથી વધુ ખેડુતો આ સરહદ પર ટ્રેકટર સહિતના સાધનો સાથે આજે આગળ વધી રહ્યા હતા તે સમયે જ ખેડુતોને રોકવા માટે એક તબકકે અશ્રુ ગેસનો ઉપયોગ કરાયો હતો અને શંભુ બોર્ડર ફરી એક વખત નવુ ઘમાસાણનું સર્જન કરે તેવી પરીસ્થિતિ હતી પરંતુ અચાનક જ કેન્દ્ર સરકારે એમ.એસ.પી. સહિતના મુદે વાટાઘાટ માટે આમંત્રણ આપતા ખેડુત સંગઠનોએ ટ્રેકટર સહિતના વાહનોને રોકી દેવા આદેશ આપ્યો હતો.

આ અગાઉ શંભુ બોર્ડર પાસે હરિયાણા પોલીસે ડ્રોનથી અશ્રુ વાયુ છોડયો હતો. બીજી તરફ હરિયાણા સરકારે હાઈકોર્ટમાં રીટ કરીને ખેડુતો હાઈવે પર ટ્રેકટર, ટ્રોલી ઉપરાંત ભારે વાહનો અને જેસીબી લઈ ન જાય તે માટે રીટ કરી છે અને હજુ સુધી તેમાં હાઈકોર્ટનો કોઈ આદેશ આવ્યો નથી તે સમયે જ હવે ખેડુત સંગઠનોને મનાવવા માટે સરકાર શું ઓફર કરશે તેના પર સૌની નજર છે.

પટીયાલામાં સરકારી પ્રતિનિધિઓ સાથે ખાસ તૈયારી કરવામાં આવી છે અને બીજી તરફ દિલ્હીમાં સુરક્ષા વ્યવસ્થા પર પણ ખાસ નજર રાખવામાં આવી રહી છે. હરિયાણા-પંજાબ સરહદ પર જેસીબી સહિતના હેવી મશીનો સાથે દિલ્હી કૂચ માટે ઉમટેલા હજારો ખેડુતોને હવે આજે હરિયાણા પોલીસે અલ્ટીમેટમ આપ્યુ છે

## સોના-ચાંદીના ભાવ ફરી ઉચકાયા, એક તોલાનો ભાવ થયો ૬૨,૭૯૦

અમદાવાદ,તા.૨૧

ઈન્ટરનેશનલ ગોલ્ડ રેટ ગ્લોબલ માર્કેટમાં સોનાના ભાવમાં વધ-ઘટ થતા તેની સીધી અસર ભારતમાં સોના-ચાંદીના માર્કેટ પર પડે છે. જેના લીધે આજે અમદાવાદમાં સોના-ચાંદીના ભાવમાં વધારો જોવા મળ્યો છે. આજે બુધવારે સોનાનું માર્કેટ તેજી સાથે ખુલતા જ સોનાના ભાવમાં વધારો જોવા મળ્યો છે. જો તમે આજે સોનું ખરીદવાનું વિચારી રહ્યા છો, તો આ પહેલા જાણી લો આજનો સોના-ચાંદીનો ભાવ.

અમદાવાદમાં ચાલી રહેલા સોનાના ભાવ વિશે વાત કરવામાં આવે તો સોનાનો ભાવ ૬૨,૭૯૦ રૂપિયાએ પહોંચ્યો છે. જે ગઈકાલના ભાવ કરતા વધુ છે. જ્યારે ચાંદીના ભાવની વાત કરીએ તો ચાંદીના ભાવમાં આજે વધારો જોવા મળ્યો છે. એટલે કે આજે ચાંદીના ભાવ વધીને ૭૫,૭૦૦ રૂપિયા નોંધાયો છે.

બીજી તરફ આજનો ૨૨ કેરેટ સોનાનો ભાવ રાજકોટમાં ૫૭,૬૫૦ રૂપિયા અને સુરતમાં ૫૭,૬૫૦ રૂપિયા નોંધાયો છે. જે ગઈકાલના ભાવ કરતા પ્રમાણમાં વધુ છે. જ્યારે ચાંદીના ભાવની વાત કરવામાં આવે તો રાજકોટ અને સુરતમાં ચાંદીનો ભાવ વધીને ૭૫,૭૦૦ રૂપિયા પ્રતિ કિલો નોંધાયો છે.

## યુપીમાં રાજકીય હલચલ, રાજા ભૈયા અને અખિલેશ યાદવ વચ્ચે ગઠબંધન પર વાતચીત

ઉત્તરપ્રદેશ,તા.૨૧

લોકસભા ચૂંટણી પહેલા યુપીમાં મોટો રાજકીય હલચલ જોવા મળી રહી છે. સમાજવાદી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ નરેશ ઉત્તમ પટેલ મજબૂત નેતા અને પ્રતાપગઢના કુંડાના ધારાસભ્ય રાજા ભૈયાને મળવા પહોંચ્યા છે. તેણે રાજા ભૈયાને અખિલેશ યાદવ સાથે ફોન પર વાત કરાવી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રાજા ભૈયાની પાર્ટી જનસત્તા દળ અને સમાજવાદી પાર્ટી વચ્ચે ગઠબંધનને લઈને વાતચીત થઈ છે.

યુપીમાં રાજા ભૈયાના જનસત્તા દળના બે ધારાસભ્યો છે. આ વાતચીત એટલા માટે પણ મહત્વપૂર્ણ બની જાય છે કારણ કે આવતા અઠવાડિયે યુપીમાં રાજ્યસભાની દસ બેઠકો માટે મતદાન થવાનું છે. દસ બેઠકો પર ૧૧ ઉમેદવારો મેદાનમાં હોવાથી દરેક ધારાસભ્યનું મહત્વ વધી ગયું છે.

કહેવાય છે કે રાજા ભૈયા અને સમાજવાદી પાર્ટી વચ્ચે પાંચ સીટો પર ગઠબંધનને લઈને વાતચીત ચાલી રહી છે. જો કે હજુ સુધી બંને તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આવી નથી. છેલ્લા ત્રણ દાયકાથી અપક્ષ રાજાભૈયા કુંડામાંથી ચૂંટણી જીતી રહ્યા છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં તેમણે જનસત્તા દળ લોકતાંત્રિકના નામથી પાર્ટી બનાવી અને તેમાંથી મેદાનમાં ઉતર્યા. એક પોતે ધારાસભ્ય છે અને બીજા ધારાસભ્ય વિનોદ સોનકર બાબાગંજ વિધાનસભા બેઠક પરથી જીત્યા હતા.

થોડા દિવસો પહેલા રાજા ભૈયાએ પણ વિધાનસભામાં અખિલેશ યાદવના વખાણ કર્યા હતા. તેમના આ નિવેદનની ખૂબ ચર્ચા થઈ હતી. વિધાનસભામાં બજેટ સત્ર દરમિયાન આરોગ્ય વ્યવસ્થા પર ચર્ચા દરમિયાન રાજા ભૈયાએ કહ્યું હતું કે સમાજવાદી પાર્ટીની સરકારમાં અખિલેશ યાદવે એક નિયમ બનાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે ધારાસભ્યો તેમના ભંડોળનો ઉપયોગ અસાધ્ય રોગો અને કેન્સર જેવા રોગોથી પીડિત લોકોને આર્થિક સહાય પૂરી પાડવા માટે કરશે.

## ખેડૂત આંદોલનની અસર : ૩૦૦ કરોડનું ધંધામાં નુકસાન, કાપડ બજાર થંભી ગયું

નવીદિલ્હી,તા.૨૧

ખેડૂતોના આંદોલનની અસર વેપાર-ધંધા પર પણ જોવા મળી રહી છે. દેશના વેપારીઓના સંગઠન કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના આંકડા મુજબ ખેડૂતોના પ્રદર્શનને કારણે વેપારને અસર થઈ રહી છે. ખેડૂતોના આંદોલનને કારણે એકલી દિલ્હીમાં અત્યાર સુધીમાં ૩૦૦ કરોડ રૂપિયાના વેપારનું નુકસાન થઈ રહ્યું છે. અંબાલા શહેરનું કાપડ બજાર ઠપ્પ થઈ ગયું છે.

દરરોજ અન્ય રાજ્યોમાંથી લગભગ ૫ લાખ વેપારીઓ નજીકના રાજ્યોમાંથી ખરીદી માટે દિલ્હી આવે છે. ખેડૂતોના આંદોલનને કારણે આ વેપારીઓએ દિલ્હી આવવું બંધ કરી દીધું છે. રોડ બ્લોક વિસ્તારોની નજીક આવેલી દુકાનોને ધંધાનું મોટું નુકસાન થઈ રહ્યું છે, કારણ કે હાઈવે બ્લોક માત્ર ગ્રાહકોને જ નહીં પરંતુ લોજિસ્ટિક કામગીરીને પણ અસર કરે છે. આ આંદોલનનો બોજ હવે મોંઘવારીના રૂપમાં સામાન્ય જનતા પર પડવાનો છે.ટ્રકોની અવરજવરને અસર થવાને કારણે માંગ-પુરવઠાના તફાવતની રમત શરૂ થાય છે. જેના કારણે રોજબરોજની વસ્તુઓ સામાન્ય લોકો સુધી સરળતાથી પહોંચી શકતી નથી. જો તેઓ પહોંચે તો પણ તેમના ભાવ આસમાને ગયા છે. લસણ અને ડુંગળી જેવી રોજીંદી વપરાતી ચીજવસ્તુઓ બજારમાં મોંઘી થઈ ગઈ છે.

## નવજોત સિંહ સિદ્ધુ ભાજપમાં પરત ફરી શકે છે, યુવરાજ સિંહ પણ લોકસભા ચૂંટણી લડશે તેવી અટકળા

પંજાબ,તા.૨૧

નવજોત સિંહ સિદ્ધુની ભારતીય જનતા પાર્ટી માં વાપસીની જોરદાર અટકળો ચાલી રહી છે. તે જ સમયે, ભગવા પાર્ટી ગુરદાસપુર બેઠક પરથી અન્ય પૂર્વ ક્રિકેટર યુવરાજ સિંહને મેદાનમાં ઉતારવાની તૈયારી કરી રહી છે. આ બંનેને લઈને ઘણી અટકળો ચાલી રહી છે. તમને જણાવી દઈએ કે સિદ્ધુ ખેડૂતોના મુદ્દાઓ પર કેન્દ્રની પદ્ધતિઓની ટીકા કરતા રહ્યા છે.જો કે પંજાબ કોંગ્રેસમાં તેઓ અલગ પડી રહ્યા છે. તેઓ પાર્ટી લાઇનથી દૂર પોતાની રેલીઓ કરી રહ્યા છે. તેથી એવું કહેવામાં આવી રહ્યું છે કે તે પોતાની જૂની પાર્ટીમાં પરત ફરવા માંગે છે.નવજોત સિંહ સિદ્ધુને રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સાથે ગાઢ સંબંધો હોવાનું કહેવાય છે. આમ છતાં તેઓ પંજાબ કોંગ્રેસમાં ચાલી રહ્યા નથી. આ બધા વચ્ચે બીજેપી નેતાઓને લાગે છે કે તે પોતાની પિતૃ પાર્ટીમાં ફરી જોડાઈ શકે છે. ભાજપ તેમને પંજાબથી લોકસભા ચૂંટણીમાં ઉમેદવાર પણ બનાવી શકે છે. બીજેપી અધિકારી સોમદેવ શર્માએ કહ્યું કે સિદ્ધુના પાર્ટીમાં જોડાવાના મજબૂત સંકેતો છે. "તેમના જોડાવાની અપેક્ષાએ બીજેપીના અન્ય નેતાઓ અને સંભવિત ઉમેદવારો સાથે ચર્ચાઓ ચાલી રહી છે," તેમણે કહ્યું.અમૃતસર લોકસભા સીટ પરંપરાગત રીતે ભાજપ માટે ગઢ રહી છે. સોમદેવ શર્માને વિશ્વાસ છે કે જો પાર્ટી તેમને અમૃતસરથી મેદાનમાં ઉતારવાનું નક્કી કરે તો સિદ્ધુ વિજેતા ઉમેદવાર બની શકે છે.જો કે કોંગ્રેસના નેતા રમણ બક્ષીએ સિદ્ધુના ભાજપમાં જોડાવાની શક્યતાને નકારી કાઢી છે. "એક નેતા જે એક પક્ષમાંથી બીજા પક્ષમાં જતો રહે છે તે તેની વશીકરણ અને વિશ્વસનીયતા ગુમાવે છે

## તંત્રી લેખ......

# બહારના દેશોમાં પણ કરી શકશો ડિજિટલ રૂપિયાથી પેમેન્ટ

વિદેશમાં પેમેન્ટ માટે ડિજિટલ રૂપિયાના ઉપયોગ બાબતે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ જાણકારી આપી છે. હવે મૈંજી એટલે કે બેંક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સની આગેવાની હેઠળના 'પ્રોજેક્ટ ડનબર'ના ઉપયોગ વડે ડિજિટલ રૂપિયાનો ઉપયોગ ગ્લોબલ પેમેન્ટ માટે કરવો શક્ય બનશે. આરબીઆઈ દ્વારા આ ડિજિટલ કરન્સી વિકસાવવામાં આવી છે. ગયા અઠવાડિયે મુંબઈમાં યોજાયેલી દક્ષિણ એશિયાઈ દેશોના ગવર્નરોની બેઠકમાં આરબીઆઈના ડેપ્યુટી ગવર્નર દ્વારા આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ગ્લોબલ ટ્રાન્ઝેક્શન ડિજિટલ રૂપિયાથી સરળતાથી થઇ શકે છે. આ માટે ભારત સહિતના ઘણા અન્ય દક્ષિણ એશિયાઈ દેશોની બેંકો ઝમ્ઢઝ પ્રોજેક્ટ (ક્રોસ બોર્ડર ડિજિટલ કરન્સી) પર કામ કરી રહી છે. જેમાંથી અમુક દેશમાં તો ઝમ્ઢઝ પ્રોજેક્ટનું ટ્રાયલ પણ ચાલી રહ્યું છે. ફિલિપાઈન્સના બેંગકો સેન્ટ્રલ એનજી પિલિપિનાસે ડિજિટલ ચલણ માટે 'પ્રોજેક્ટ એજિલા', તો સિંગાપોરે 'પ્રોજેક્ટ ઉબિન' હેઠળ ઉદ્યોગ સામેના પડકારોનો સામનો કરવાનો પ્રયાસ કરે છે. તેમજ બેંક ઈન્ડોનેશિયા, સેન્ટ્રલ બેંક ઓફ મલેશિયા અને મોનેટરી ઓથોરિટી ઓફ સિંગાપોર આ પ્રોજેક્ટ ડનબર સાથે સંકળાયેલા છે. પ્રોજેક્ટ પર શ્રીલંકા, થાઈલેન્ડ, દક્ષિણ કોરિયા, કંબોડિયા, હોંગકોંગ, ભારત, મ્યાનમાર, લાઓ પીડીઆર, નેપાળ અને વિયેતનામની સેન્ટ્રલ બેંકો કામ કરી રહી છે. મૈંજી ના પ્રોજેક્ટ ડનબર હેઠળ બે પ્રોટોટાઈપ પ્લેટફોર્મ વિકસાવવામાં આવ્યા છે. આ પ્લેટફોર્મ વિવિધ કેન્દ્રીય બેંકો દ્વારા જારી કરાયેલ ડિજિટલ કરન્સીનો ઉપયોગ કરીને આંતરરાષ્ટ્રીય ચુકવણી શક્ય બનાવી શકે છે.

# ગાંધીનગરની ગામઠી ડેરીમાંથી પાલનપુરની સધી મા ડેરીમાં મોકલાવેલું દૂધ અખાદ્ય

પાલનપુરમાં જિલ્લા વહીવટી તંત્રે ભેળસેળ વાળા દૂધનો મોટો જથ્થો શહેરની ડમ્પીંગ સાઈટ પર નાશ કરી શહેરની સધી મા ડેરી અને જ્યાંથી દૂધ મંગાવવામાં આવ્યું હતું એ ગાંધીનગરની ગામઠી ડેરી સામે કાર્યવાહી હાથ ધરી દૂધના સેમ્પલ લઈ લેબમાં મોકલ્યા છે. પાલનપુર અને ગાંધીનગરમાં મોડી સાંજ સુધી સેમ્પલની કાર્યવાહી ચાલી હતી. ફૂડ વિભાગે જણાવ્યું કે આ દૂધમાં સુગરનું તત્વ બહારથી ભેળવવા સુક્રોજની અને માલ્ટાની મિલાવટ કરી હોવાનું પ્રાથમિક સેમ્પલિંગ દરમિયાન સામે આવ્યું હતું. જેને લઈ દૂધનો નાશ કરવામાં આવ્યો છે.પાલનપુરના આબુ હાઈવે પર આવેલી સધી મા મિલ્ક પ્રોડક્ટ નામની ફેક્ટરીમાં પુરવઠા અધિકારીએ મંગળવારે શંકાસ્પદ દૂધ ભરેલું ટેન્કર પકડી પાડ્યું હતું. અને ત્યારબાદ ફૂડ વિભાગને જાણ કરી હતી. ત્યારબાદ ફૂડ વિભાગના અધિકારીઓએ સેમ્પલ લેવાની પ્રક્રિયા હાથ ધરી હતી. ફૂડ વિભાગની પ્રાથમિક તપાસમાં દૂધનું પરિક્ષણ કર્યું હતું અને તેમાં આ દૂધનું સેમ્પલ ફેલ નીકળ્યું હતું જે બાદ ફુડ વિભાગ દ્વારા વધુ સેમ્પલ લેવાયા હતા અને અન્ય લેબમાં પણ સેકન્ડ ઓપિનીયન માટે મોકલાયા હતા.

જેમાં પાલનપુર ફૂડ લેબમાં લેવાયેલ પરિક્ષણ મુજબ જ પરિણામ આવતા ફૂડ વિભાગે જિલ્લા વહીવટી તંત્રના સંકલનમાં રહી ર ટેન્કર અને જીપ ડાલું ભરીને હજારો લિટર દૂધનો જથ્થો શહેરની માલણ દરવાજા ડમ્પીંગ સાઈટ પર લઈ જવાયો હતો અને ખાડો ખોદી નાશ કરાયો હતો. કલેકટર વરુણ બરનવાલે જણાવ્યું હતું કે પ્રાથમિક દ્રષ્ટિએ શંકાસ્પદ હતું એટલે ફૂડ એન્ડ ડ્રગ્સની ટીમ દ્વારા સ્થળ ઉપર ટેસ્ટીંગ કરવામાં આવ્યું જેમાં નમૂના ફેલ થયા હતાં. દિવ્ય ભાસ્કર એ કેટલાક એક્સપોર્ટ સાથે વાત કરતા જાણવા મળ્યું હતું કે સિન્થેટિક દૂધ સ્વાદમાં પાછળથી કડવું લાગે છે. તેને આંગળીઓ વચ્ચે ઘસવાથી સાબુ જેવું લાગે છે અને ગરમ કરતા તે પીળું થઈ જાય છે.

# બે ઘરનો પરોણો



આજે નયના ખુબ ખુશ હતી. કેમ ન હોય ! નવીન સાથે લગ્નથી જોડાઈ હતી. લગ્ન માતા અને પિતાની પસંદગીના પાત્ર સાથે કર્યા હતા. રખે માનતા પ્રેમ ન હતો. માતા અને પિતા બાળકોનું સુખ ઈચ્છતા હોય છે. તેમના અંતરને ખૂબ સંતોષ થાય છે, સદા પોતાના બાળકો માટે આશીર્વાદની રિમઝિમ વરસતી હોય છે.નયના માતા અને પિતાની લાડલી પુત્રી હતી. પિતાની આંખનો તારો માતાની હૈયાની ધડકન, નયનાનું વર્તન પણ એવું રહેતું. નયનાને કરવા પ્રેમ લગ્ન કિંતુ માતા અને પિતા આગળ કશું ચાલ્યું નહી. નવીન પણ એવો હતો કે જેને જોયા પછી પ્યાર ન કરવો હોય તો પણ થઈ જાય.નયના. નવીનના પ્રેમની દીવાની થઈ ગઈ. ભણેલો, પરદેશ જઈ ઉપાધી લઈને આવેલો. તેના પિતાની ફેક્ટરી પણ જોરદાર હતી. નવીન અમેરિકા જઈ ફેક્ટરીમાં ઉત્પાદન કરતા માલ વિષે ઝીણવટપૂર્વક તપાસ કરી તેનું બજાર એ બધી માહિતી મેળવીને આવ્યો હતો.

ઘણિવાર પુસ્તકનું મુખ પૃષ્ઠ જોઈ પુસ્તક વિષે વાંચ્યા વગર અભિપ્રાય બાંધી લઈએ છીએ એવું જ કંઈક નવીનની બાબતમાં ધીરે ધીરે બહાર આવ્યું.નવીને સીધી સાદી નયનાને જાળમાં ફસાવી. શરુમાં નવીને પ્રેમ બતાવ્યો. તેના દેખાવે ધોખો આપ્યો. નયનાને અફસોસ ન થયો કે પ્રેમ લગ્ન ન થયા. લગ્નના છ મહિના પછી અમેરિકા ફરવા જવાનો કાર્યક્રમ બનાવ્યો. નવીનના માતા અને પિતાને જરા પણ અંદાઝ ન હતો કે નવીન અમેરિકામાં ગોરી મેડમને પરણ્યો છે. તેને બે બાળકો પણ છે. નવીન અમેરિકાનો સિટિઝન હતો. જેને કારને નયનાને પણ સિટિઝન શીપ મળી ગઈ.

અમેરિકા આવીને નયનાને નવીનના કારસ્તાનની ખબર પડી. ૨૧મી સદીની ભારતની નારી વરસે તો પ્યાર આપે, વિફરે તો વાઘણ બને. નસીબ સારા નિકળ્યા. નયનાની બાળપણની સખી ન્યૂયોર્કમાં રહેતી હતી. નવીનની અમેરિકન પત્નીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે પણ નારાજ થઈ. બાળકોને લઈને પોતાના માતા અને પિતા પાસે જતી રહી.

નયનાએ બહેનપણિની મદદથી પોતાના પ્રેમીને ભારતથી બોલાવ્યો. તેની પાસે અમેરિકા ભણવાના વિસા હતા. નયના પરણી એટલે નારાજ હતો. પણ અમેરિકા આવા તૈયાર થઈ ગયો. નયના ભારતમાં એમ.બી.એ. ભણેલી હતી. નોકરી મળતા વાર ન લાગી.

તેનો પ્રેમી નિલેશ આવી પહોંચ્યો. હા, નયના એક વાર પરણી ચૂકી હતી. કિંતુ તેનો પ્રેમ સાચો હતો. અમેરિકા આવીને નયના એ નવીનને છૂટાછેડા આપ્યા. નિલેશ સાથે લગ્ન કર્યા.

નવીન ન ઘરનો રહ્યો ન ઘાટનો. આજે નવીન નથી મળી શકતો પોતાના બાળકોને કે નથી તેનું સ્થાયી ઠેકાણું.

નયનાએ સમય જોઈ પોતાની આપવીતી માતા અને પિતાને જણાવી. પિતા નયનાની હોંશિયારી પ ખુશ થઈ ગયા.

**પ્રવિણા કડકીયા,અમેરીકા**

# દિવાર આઇલેન્ડ ન જુવે તે જીવતો મુવો!

ભારત દેશમાં એક બાજુ ઉતરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન જેવા મોટા રાજ્યો છે. જ્યારે બીજી બાજુ નાગાલૈન્ડ, મેઘાલય, મણિપુર ગોવા જેવા સ્મોલ સ્ટેટ છે. ગોવા વાટકી ગામના શિરામણ જેવું બચુકડું ટચુકડું ટબુકડું રાજ્ય છે. નૈસર્ગિક સૌંદર્યથી ફાટફાટ થતું રાજ્ય છે

આ પ્રદેશમાં ગોધનની વિપુલતા હોવાથી તે ગોવા કહેવાયું હશે. બીજા મંતવ્ય પ્રમાણે પરશુરામે સમુદ્રમાં બાણ મારતાં જે જમીન (ગો) બહાર આવી તે પ્રદેશ ગોમાન્તક કહેવાયો. મહાભારતના ભીષ્મપર્વના નવમા અધ્યાયમાં તેના 'ગોપપત્તન' કે 'ગોપકપત્તનં' તરીકે, સૂતસંહિતામાં 'ગોવાપુરી', ટૉલેમીની ભૂગોળમાં 'ગૌબા' તરીકે તથા કદંબ વંશના શિલાલેખોમાં 'ગોવાપુરં' અને 'ગોપકપટ્ટણ' કે 'ગોપકપુરી' તરીકે ઉલ્લેખો મળે છે.

૧૯૬૧માં ભારતે ગોવા પર આક્રમણ કરી તે જીતી લીધું. ત્યારપછી તેને ભારતીય સંઘમાં જોડી દેશનું એક અંગ બનાવ્યું. ૧૯૬૧–૮૭ સુધી ૨૫ વર્ષ ગોવા કેન્દ્રશાસિત પ્રદેશ રહ્યો હતો; પરંતુ ૩૦ મે, ૧૯૮૭થી કેન્દ્ર સરકારના કાયદા દ્વારા તેને ભારતીય સંઘમાંના સ્વતંત્ર રાજ્યનો દરજ્જો આપવામાં આવ્યો ત્યારે તે ભારતનું ૨૫મું રાજ્ય બન્યું હતું. વિસ્તારની દ્દષ્ટિએ તે ભારતનું નાનામાં નાનું રાજ્ય છે. ગોવા રાજ્યમાં ઉત્તર અને દક્ષિણ એમ બે જિલ્લા આવેલા છે.ગોવાની વસ્તી ૧૫.૭૮ લાખ છે.પુરુષોની વસ્તી ૭.૧૯ લાખ અને મહિલાની વસ્તી ૭.૧૯ લાખ છે.દેવાનો સાક્ષરતા દર ૯૨.૯૮ % છે.ગોવામાં ૩૫ બીચ અને સાત ટાપુ છે. દેવામાં ૬૬%શહેરીકરણનો દર છે. ગોવાની સત્તાવાર ભાષા કોંકણી છે.ગોવાનું ક્ષેત્રફળ ૩૭૦૨ કિ.મી. છે

ગોવાના સમુદ્રકાંઠે આવેલા આ રેતપટોના સૌંદર્યને કારણે ગોવાને 'લૅન્ડ ઑવ્ બીચીઝ', 'ટુરિસ્ટ પૅરેડાઇઝ' અને 'પર્લ ઑવ્ ધ ઓરિયેન્ટ' જેવાં નામોથી નવાજેલું છે. ગોવાને તેનાં ભવ્ય શિલ્પસ્થાપત્યોને કારણે વર્લ્ડ હેરિટેજ આર્કિટેક્ચરની યાદીમાં સ્થાન મળ્યું છે.

ગોવામાં સહ્યાદ્રિમાંથી નીકળીને અરબી સમુદ્રને મળતી ઘણી નાની નદીઓ છે. તેમનાં વહેણ ઝડપી છે. આ નદીઓ પૈકી તેરખોલ, ચાપોરા, બાગ, માંડોવી, જુવારી, સાળ, તળપણ વગેરે મુખ્ય છે. માંડોવી તથા ઝુઆરીની લંબાઈ ૬૨ કિમી. છે. આ નદીઓ વહાણવટા માટે ઉપયોગી છે. નદીઓના જળમાર્ગોની કુલ લંબાઈ ૨૫૩ કિમી. છે.

પર્વતીય પ્રદેશમાં સદા લીલાં જંગલો છે. મુખ્યત્વે ચંદન, દેવદાર, ખેર, સાગ, સીસમ, વાંસ વગેરે વૃક્ષો જોવા મળે છે. કિનારાના પ્રદેશોમાં નારિયેળી, સોપારી, આંબા, ફણસ, પપનસ, અનનાસ, કાજુ, કોકમ વગેરેનાં વૃક્ષો જોવા મળે છે. ૧,૨૫૬ ચોકિમી.માં અને કુલ વિસ્તારના ૨૯%જેટલા પ્રમાણમાં જંગલો છે.

ગોવામાં લોખંડની કાચી ધાતુની સમૃદ્ધ ખાણો છે. તેની મુખ્યત્વે જાપાનમાં ૧૨૫ લાખ ટન જેટલી નિકાસ થાય છે. આ સિવાય મૅંગેનીઝ, બૉક્સાઇટ, ચૂનાના પથ્થરો, સિલિકા રેતી વગેરે ખનિજો નીકળે છે. ફૅરો-મૅંગેનીઝ મિશ્ર ધાતુની નિકાસ થાય છે. ખાણ-ઉદ્યોગ ઘણા લોકોને રોજી આપે છે. નદીના જલમાર્ગે લોખંડ માર્માગોવા લઈ જવાય છે.

ગોવાની રાજધાની પણજીથી દસ કિલોમીટર દૂર એવો દિવાર ટાપુ છે. જે છ ટાપુઓનો સમુહ છે.જે નોર્થ ગોવા જિલ્લાના ઈલ્હાસ તાલુકામાં આવેલ છે.દિવાર ગામની વસ્તી ૨૨૫૦ છે. બે ગામ પંચાયત છે.દિવાર અનએકસપ્લોરડ પેરેડાઈઝ છે. તે પંજિમથી લગભગ ૧૦ કિમી (૬ માઈલ) ઉપર સ્થિત છે. આ ટાપુ દક્ષિણ-પૂર્વ બાજુએ જૂના ગોવાથી, દક્ષિણ-પશ્ચિમ બાજુએ રિબંદર અને ઉત્તર બાજુએ નરોઆથી વિચ્છેદિત છે, બધા ફેરી દ્વારા. કોંકણ રેલ્વે ગામમાંથી પસાર થાય છે અને ગામનું સૌથી નજીકનું સ્ટોપ કેરામ્બોલિમનું રેલ્વે સ્ટેશન છે. ગામ તરફ જવાનો માર્ગ મનોહર છે, જેમાં ડાંગરના ખેતરો અને જંગલની ટેકરીઓ રસ્તા પર છે, જે ગોવાના ગ્રામ્ય વિસ્તારની ખૂબ લાક્ષણિક છે.ગામમાં રોડની બંને બાજુ નાના, બેઠા ઘાટના રંગબેરંગી મકાનો, વૃક્ષો. સુંદરતમ સિંગલ પટીના ઉંચાનીચા રસ્તા છે. આ નાનકડા ગામમાં પણ અઢળક મંદિર છે. શ્રીશકતિ વિનાયક મંદિર, શ્રી ગણેશ સેતરી ક્ષેત્ર મંદિર,કોટિ તીર્થ ,કોટેશ્વર મંદિર, ઐતિહાસિક ગુફા, સપ્તકોટેશ્વર મંદિર, મૈથીનીસ ચર્ચ ( માલર ગામ)વગેરે છે. ઈ.સ. ૧૭૦૫ માં બનાવેલ પાંચસો વરસ જૂનું ચર્ચ છે.જેનું નામ ચર્ચ ઓફ અવર લેડી ઓફ કમ્પેશનને અવર લેડી ઓફ પીટી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ચર્ચ પિડાડેમાં આવેલું છે જે દિવાર ટાપુ પર એક નાની જંગલી ટેકરીના પર સ્થિત છે. જે ગણેશનું મંદિર હોવાની લોકમાન્યતા છે. ગોવાના ચર્ચીકરણ સમયે હિન્દુઓએ અન્ય સ્થળે ખસેડેલ.

કોટિ તીર્થનો પણ નવસો વરસ જૂનો ઈતિહાસ છે. શ્રી સપ્તકોટેશ્વર તીર્થસ્થાનના મૂળ સ્થળ તરીકે જાણીતું છે.તે કદંબ વંશનું સૌથી પવિત્ર મંદિર માનવામાં આવતું હતું, જેમાં ૧૨મી સદીમાં બાંધવામાં આવેલા ૧૦૮ મંદિરોનો સમાવેશ થાય છે. જો કે, સાઈટને તોફાની ભાવિનો સામનો કરવો પડ્યો. શરૂઆતમાં ૧૪મી સદીના મધ્યમાં ડેક્કનના સુલતાન દ્વારા તેનો નાશ કરવામાં આવ્યો હતો, તે જ સદીમાં પાછળથી સ્થાનિક લોકો દ્વારા તેનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું હતું, માત્ર ૧૫મી સદીમાં પોર્ટુગીઝો દ્વારા તેને ફરી એક વાર તબાહ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, મુખ્ય મૂર્તિઓ અને લિંગને સમગ્ર ટાપુ પર સ્થિત નાર્વે, બિચોલિમમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા હતા. શિવાજી મહારાજની મદદથી ૧૬મી સદીમાં ત્યાં એક મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. આ ઐતિહાસિક પ્રવાસ દિવાર ટાપુ પર શ્રી સપ્તકોટેશ્વરના પવિત્ર વારસાની સ્થિતિસ્થાપકતા અને જાળવણી દર્શાવે છે.ત્યાં એક તળાવ છે જે મૂળ મંદિરના નોંધપાત્ર અવશેષો ધરાવે છે. તળાવની અંદર ડૂબી ગયેલા ૧૦૮ કોતરવામાં આવેલા લઘુચિત્ર મંદિરો છે, જેમાંના પ્રત્યેક દીવાઓ (પરંપરાગત તેલના દીવા) માટે જટિલ રીતે ડિઝાઈન કરેલા માળખાથી શણગારેલા છે. તેમ છતાં મંદિરો હવે અકબંધ નથી, પરંતુ તળાવની આજુબાજુની દિવાલની કોતરણી દ્વારા તેમના વારસાની ઝલક જોઈ શકાય છે. આજે, લોકો સરસ્વતી વિસર્જન અને દશેરા જેવા ખાસ પ્રસંગો દરમિયાન દીવાઓ પ્રગટાવીને આ વારસાનું સન્માન કરવાનું ચાલુ રાખે છે. પુરાતત્વીય ખજાના તરીકે ઓળખાતી આ જગ્યા હવે સરકારી સુરક્ષા હેઠળ છે.

હાટકેશ્વર મંદિર કોટિ તીર્થ નજીક આવેલ છે. ગુરૂવાયુર ને દક્ષિણની દ્વારકા, મહિલાને સૌરાષ્ટ્રનું પેરીસ, જામનગરને છોટી કાશી તરીકે ઓળખવામાં આવે છે તેમ જ હાટકેશ્વર મહાદેવને કોંકણની કાશી ગણવામાં આવે છે.તે પોર્ને તીર્થ" અથવા "જૂના પવિત્ર બિંદુ" તરીકે ઐતિહાસિક મહત્વ ધરાવે છે.

છે. મંદિર બે માળનું છે. ભોંયતળિયે પૂજારીની ઓરડી અને ઉપર જવાની સીડી છે. પહેલા માળે મંદિર છે."આ સ્થળ માંડોવી ,મ્હાદેઈ અને કુંભારજુઆ એમ ત્રણ જળાશયોના સંગમ સ્થળ છે.

દિવાર ટાપુ સૌંદર્યના ચીથરે વીંટેલું અણમોલ રત્ન છે. તમને વાસ્કો જેવુ ગામ જોવાની ઈચ્છા હોય, તમારા વતનનું ગામ જીવંત કરવું હોય તો દિવાર ટાપુ આઈલેન્ડ કી મુલાકાત ત બનતી હૈ ભીડું! બોલે તો એકબાર જરૂરસે જાનેકા. ઈસ મામલેમે કોઈ ખીટપીટ નહીં મંગતા!

ભરત વૈષ્ણવ,

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૨૨ ફેબ્રુઆરીના રોજ મહેસાણા ખાતે વિવિધ વિભાગો અંતર્ગત ?૧૩,૦૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે

★ગાંધીનગર, ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૪:★ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૨૨ ફેબ્રુઆરીના રોજ ગુજરાતના પ્રવાસે છે. આ દરમિયાન, તેઓ ગુજરાત માટે અનેક વિકાસકાર્યોની ભેટ લઇને આવી રહ્યા છે, ત્યારે મહેસાણા ખાતે તેઓ વિવિધ વિભાગો હેઠળ ?૧૩,૦૦૦ કરોડથી વધુના ખર્ચે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવા જઇ રહ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ આ કાર્યક્રમ દરમિયાન મહેસાણા ખાતે ઉપસ્થિત રહેશે.

★ભારતનેટ ફેઝ-૨ હેઠળ ?૨૦૪૨ કરોડના ખર્ચે ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્કનું લોકાર્પણ★

વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ અંતર્ગત વડાપ્રધાનશ્રી ભારતનેટ ફેઝ-૨ હેઠળ ?૨૦૪૨ કરોડના ખર્ચે તૈયાર થયેલ ગુજરાત ફાઈબર ગ્રીડ નેટવર્કનું લોકાર્પણ કરશે. આ પ્રોજેક્ટ અંતર્ગત, ૨૨ જિલ્લાઓમાં ફેલાયેલા ૩૫,૨૬૪ કિલોમીટર ફાઈબર નેટવર્ક સાથે ૮૦૩૦ ગ્રામ પંચાયતોને આવરી લેવામાં આવી છે, જેમને ૧૦૦ એમબીપીએસ સુધી હાઈસ્પીડ ઈન્ટરનેટની સુવિધા પ્રદાન કરવામાં આવી રહી છે. નેટવર્કમાં ખૂબ ઓછા અપગ્રેડેશન કરીને ઈન્ટરનેટની ગતિ ગ્રામપંચાયત દીઠ ૧ જીબીપીએસ સુધી વધારી શકાય છે.

આ ઉપરાંત, વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટીના મુખ્ય એકેડેમિક બિલ્ડીગનું લોકાર્પણ, તેમજ હ્યુમન અને બાયોલોજિકલ સાયન્સ ગેલેરી અને ગિફ્ટ સીટી ખાતે ગુજરાત બાયોટેક્નોલોજીકલ રિસર્ચ સેન્ટર (ય્મ્ઈ) ના નવા બિલ્ડીગનું ખાતમુહુર્ત પણ કરવામાં આવશે. વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ ?૨૫૦૦ કરોડથી વધુના ખર્ચે વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવશે.

★રેલવે વિભાગના ?૨૩૦૦ કરોડથી વધુના ૫ વિકાસકાર્યોનું લોકાર્પણ★

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી મહેસાણા ખાતે ?૨૩૦૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર થયેલા રેલવે વિભાગના ૫ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કરશે. આ પ્રોજેક્ટ્સમાં રાધનપુર-સમખિયાળી (૧૩૪.૩૦ કિમી) સેક્શન, મહેસાણા-જગુદણ (૧૦.૮૪ કિમી) સેક્શન, મહેસાણા-જગુદણ (૧૦.૮૯ કિમી) ન્યુ બ્રોડગેજ લાઈન, મહેસાણા-ભાંડુ મોટી દાઉ (૮.૮૯ કિમી) સેક્શન વગેરે પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. રાધનપુર-



સમખિયાળી સેક્શન પાલનપુર-સમખિયાળી (૨૪૭.૭૩ કિમી) ડબલિંગનો ભાગ છે, જે કચ્છના રણ, જોધપુર, બિકાનેર, આબુ રોડ વગેરે જેવા પ્રવાસન સ્થળો વચ્ચે જોડાણને વેગ આપશે. આ પ્રોજેક્ટ્સના લોકાર્પણથી ગુજરાતના મહેસાણા, કચ્છ, બનાસકાંઠા, પાટણ અને અમદાવાદના લોકોને લાભ થશે.

★માર્ગ અને મકાન વિભાગના અંદાજિત ?૧૭૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત★

વડાપ્રધાનશ્રીના હસ્તે માર્ગ અને મકાન વિભાગ હેઠળ રાજ્ય માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ ઇશ્મ), નેશનલ હાઈવે (દ્રઉૃ) અને કેપિટલ પ્રોજેક્ટ ગાંધીનગરના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવશે, જેમાં ?૩૧૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને અંદાજિત ?૧૪૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહુર્ત થશે. આમ, માર્ગ અને મકાન વિભાગના કુલ અંદાજિત ?૧૭૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવશે.

★અંદાજિત ?૩૯૪ કરોડના ખર્ચે એરફોર્સ સ્ટેશન ડીસાના રનવેનું લોકાર્પણ★

બનાસકાંઠા જિલ્લાના થરાદ હાઈવે પર નાની ગામ ખાતે નિર્માણ પામી રહેલા એરફોર્સ સ્ટેશન ડીસા માટે અંદાજિત ?૩૯૪ કરોડના ખર્ચે રનવે તૈયાર કરવામાં આવ્યો છે, જેનું લોકાર્પણ આગામી ૨૨ ફેબ્રુઆરીના રોજ વડાપ્રધાનશ્રીના હસ્તે થશે.

આ એરબેઝ એરબેઝ આંતરરાષ્ટ્રીય સરહદથી ૧૩૦ કિમીના અંતરે સ્થિત છે, જે દેશના ડિફેન્સ માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે. ડીસા એરફિલ્ડની સ્થાપનાથી ભારતને પશ્ચિમ સરહદ પર જમીન અને સમુદ્ર પર એક સાથે કામગીરી કરવા માટે ભૌગોલિક રીતે સુરક્ષિત લોન્ચ પેડ મળશે. અમદાવાદ અને વડોદરાના મહત્વના આર્થિક કેન્દ્રોને એર ડિફેન્સ પ્રોવાઈડ કરવામાં ડીસા એરફિલ્ડ મહત્વપૂર્ણ બની રહેશે. ય્ઁઉૃછ (ગ્રીન રેટિંગ ફોર ઇન્ટિગ્રેટેડ હેબિટાટ એસેસમેન્ટ)ના ધોરણોને અનુસરીને, પર્યાવરણને અનુકૂળ ટેકનોલોજી અને ગ્રીન ફિલ્ડના ખ્યાલોનો ઉપયોગ કરીને આ એરફોર્સ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

આ એરફોર્સ સ્ટેશનના નિર્માણથી કચ્છ અને દક્ષિણ રાજસ્થાન વિસ્તારોમાં આર્થિક સમૃદ્ધિ આવશે કારણ કે તે સ્થાનિકો માટે સારી રોજગારીની તકો ઊભી કરશે ઁફછ્ર ઇઝજી થી રિજિયોનલ એર કનેક્ટિવિટી આપશે. આ એરફિલ્ડ ભારતને, મહત્વપૂર્ણ કંડલા બંદર તેમજ જામનગર ઓઈલ રિફાઈનરીથી પૂર્વમાં એર હેડ પ્રદાન કરીને તેની આર્થિક અને ઊર્જા આકાંક્ષાઓને પૂર્ણ કરવામાં સક્ષમ બનાવશે અને આ વિસ્તારમાં ઉૃછઢઇ મિશન માટે લોન્ચ પેડ તરીકે પણ કામ કરશે.

★?૧૨૦૦ કરોડથી વધુના ખર્ચે જળ સંસાધન અને ?૨૪૮ કરોડના ખર્ચે પાણી પુરવઠા વિભાગના વિકાસકાર્યો★

જળ સંસાધન વિભાગ હેઠળ ?૧૨૦૦ કરોડથી વધુના ખર્ચે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત થવા જઇ રહ્યું છે, જેમાં માધવગઢથી રાયગઢ પાઈપલાઈન અને થરાદથી સીપુ ડેમ પાઈપલાઈનનું લોકાર્પણ તેમજ બાલારામ-મલાણા પાઈપલાઈન અને સતલાસણા અને ખેરાલુ તાલુકાના તળાવો ભરવા માટેની પાઈપલાઈનના ખાતમુહુર્તનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ?૨૪૮ કરોડના ખર્ચે પાણી પુરવઠા વિભાગના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરવામાં આવશે.

આ ઉપરાંત, કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના ?૨૧૦૦ કરોડથી વધુના બે પ્રોજેક્ટનું ખાતમુહુર્ત, હાઈવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (દ્રઉૃછૈ)ના ?૧૬૮૫ કરોડના ખર્ચે ૨ પ્રોજેક્ટ્સનું ખાતમુહુર્ત તેમજ ઊર્જા મંત્રાલયના ?૬૧૨ કરોડના પ્રોજેક્ટનું લોકાર્પણ પણ વડાપ્રધાનશ્રીના હસ્તે કરવામાં આવશે.

ઉપર જણાવેલ વિકાસકાર્યો ઉપરાંત, અંદાજિત ?૫૦૭ કરોડના ખર્ચે શહેરી વિકાસ વિભાગના ૯ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત, અંદાજિત ?૧૦૮ કરોડના ખર્ચે ઁસ્ઢ-પ્રવાસન વિભાગના ૩ વિકાસકાર્યોનું ખાતમુહુર્ત તેમજ ?૩૬ કરોડના ખર્ચે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ સમરસ ગ્રામ પંચાયતનું લોકાર્પણ પણ કરવામાં આવશે. આમ, મહેસાણા ખાતેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ?૧૩,૦૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોની ગુજરાતની જનતાને ભેટ આપશે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO,-162**
વિષય- મારી ભાષા ગુજરાતી
પ્રકાર - ગધ - શબ્દ -૧૧૧
નામ- ??.રેખા નાકરાણી.નવી મુંબઈ..??
રચનાપ.
૨૧, ફેબ્રુઆરી આંતરરાષ્ટ્રીય દીવસ માત્ ભાષા
કોઈ સાહિત્ય કારે સાચુ કહ્યું છે કે માતા ના ધાવણ પછી ના ક્રમે માત્ ભાષા આવે છે.
મને ગર્વ છે ગુજરાતી ભાષા પર આપણી માત્ ભાષા ?પત્યે અભિમાન હોવુ જોઈએ
માત્ ભાષા નો શાબ્દિક અથઁ મા પાસે થી ?પાપ્ત થયેલ ભાષા એવો કરી શકાય.
બાળકને માતા તરફ થી મળેલી ભાષા પરિવારમાં બોલાતી ભાષા એટલે માતૃ ભાષા જે ભાષામાં બાળક હસતું રમતું જે ભાષાનો શબ્દ બાળકે સૌ પ્રથમ સાંભળ્યો કાલું ઘેલું બોલવાનો પ્રયત્ન કર્યોઁ એ જ ભાષા માં બાળકમાં સંસ્કાર સિંચન કર્યું તેમજ સંસ્કતિ આપી દાઃ ત બે હાથ જોડી ને નમસ્કાર બોલવું ચરણ સ્પર્શ કરીને પગે લાગવું બોલવું વગેરે સંસ્કાર ભાષા તરફથીમળે છેં
માતૃ ભાષાની મીઠાશ ખારા નમકને પણ મીઠું કહીએ છીએ
અને જતા માણસને મ્ત્રી “ એટલે કે “ જાઓ નહી પણ આવજો કહેવાય છે ગુણવંતી ભાષા ગુજરાતી
પોતાની ભાષામાં વાતચીત કરવી એ પોતાની અને પોતાના દેશની ઓળખ છેપ.

---

–૨ જીજી –૧૭૩
પ્રકાર - ગદ્ય....શબ્દ - ૨૭૩
વિષય -"માતૃભાષા મહોત્સવ"
આપણે સૌને આપણી લાગતી ભાષા માતૃભાષા છે. માતાનાં મોઢેથી શીખેલી પ્રથમ ભાષા આપણી માતૃભાષા છે. એ જ ભાષા પ્રત્યેનાં આપણાં પ્રેમ અને આદરને વ્યક્ત કરવા માટે દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીને માતૃભાષા દિવસ તરીકે ઉજવવામાં આવે છે.
આંતર્રાષ્ટ્રીય માતૃભાષા દિવસ દર વર્ષે ૨૧ ફેબ્રુઆરીએ ભાષાકીય, સાંસ્કૃતિક વિવિધતા અને બહુભાષીયતાને પ્રોત્સાહન આપવા માટે ઉજવવામાં આવે છે. આ દિવસે વિશ્વભરનાં લોકો સોશિયલ મીડિયા, વર્કશોપ અને વિવિધ કાર્યક્રમો દ્વારા આંતર્રાષ્ટ્રીય માતૃભાષા દિવસની ઉજવણી કરે છે.
બાળક તેનાં માતા-પિતા પાસેથી પ્રથમ જે ભાષા શીખે છે તે વાસ્તવમાં માતૃભાષા છે, આ સિવાય પૂર્વજો પાસેથી જે ભાષા શીખી છે તે આપણી માતૃભાષા હોઈ શકે છે.
વર્ષ ૧૯૫૨માં ઢાકા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને સામાજિક કાર્યકર્તાઓ દ્વારા પોતાની માતૃભાષાનું અસ્તિત્વ જાળવી રાખવા માટે ૨૧ ફેબ્રુઆરીએ એક આંદોલન કરવામાં આવ્યું હતું. તેમાં શહીદ થયેલાં યુવાનોની સ્મૃતિમાં જ યુનેસ્કોએ પહેલી વખત વર્ષ ૧૯૯૯માં ૨૧ ફેબ્રુઆરીને માતૃભાષા દિવસ તરીકે મનાવવાની જાહેરાત કરી હતી. આ દિવસને પહેલી વખત વર્ષ ૨૦૦૦માં ‘આંતર્રાષ્ટ્રીય માતૃભાષા દિવસ’ તરીકે મનાવવામાં આવ્યો હતો.
આજે વધુને વધુ ભાષાઓ લુપ્ત થઈ જતાં ભાષાકીય વિવિધતા વધુ જોખમમાં આવી ગઈ છે. યુએનના અહેવાલ મુજબ, વૈશ્વિક સ્તરે ૪૦ ટકા વસ્તીને તેઓ બોલે છે અથવા સમજે છે એ ભાષામાં શિક્ષણની પહોંચ નથી. એટલે જ માતૃભાષા દિવસ થકી આ ભાષાઓને બચાવવાનાં પ્રયાસો કરવામાં આવે છે. ‘આંતર્રાષ્ટ્રીય માતૃભાષા દિવસ’ માટે યુનેસ્કો દ્વારા દર વર્ષે એક થીમ નક્કી કરવામાં આવે છે. આ દિવસે દુનિયાભરમાં ભાષા અને સંસ્કૃતિ સાથે જોડાયેલાં અલગ-અલગ પ્રકારનાં કાર્યક્રમ આયોજિત કરવામાં આવે છે. મોટાભાગનાં નિર્ધારિત થીમ પર હોય છે.
આંતર્રાષ્ટ્રીય માતૃભાષા દિવસનાં સંદર્ભમાં ભારતની ભૂમિકા વિશેષ મહત્ત્વ ધરાવે છે, કારણ કે બહુભાષી રાષ્ટ્ર હોવાને કારણે માતૃભાષા પ્રત્યે ભારતની જવાબદારી વધુ મહત્વની છે.
ડૉ. દક્ષા જોશી ’નિર્ઝરા’

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSNO:153**
વિષય: "૨૧ ફેબ્રુઆરી" – માતૃભાષા મહોત્સવ"
શીર્ષક:"મારી માતૃભાષા ગુજરાતી". પ્રકાર:ગધ્ય. શબ્દો:૧૮૦
લેખકનું નામઃ જિતેન્દ્ર શાહ.
માતૃભાષા એટલે મા વડે બોલાતી ભાષા. મારાં જન્મ પછી હું મારી માતૃભાષાં નો પહેલો અક્ષર શીખ્યો ’મા’નો ’મ’.મારી માતૃભાષા માં બે મા ભેગી કરીએ એટલે ’મામા’થાય.મા નો પ્રેમ હોય કે ગુસ્સો જે ભાષા માં વ્યક્ત થાય તેને માતૃભાષા કહેવાય.
મારો દિકરો વધું અભ્યાસર્થે લંડન સ્થાયી થવાનો હતો.પગે લાગી ને તે જવાં નિકળ્યો ત્યારે મેં એક જ સલાહ આપેલી કે દિકરાં જોબ અને અભ્યાસ માં ભલે ઈંગ્લીશ બોલવું પડે પણ ઘર માં બોલવાં નું માતૃભાષા માં અને વાતાવરણ ગુજરાતી રાખજે.તે મને કહે પપ્પા અહીં બધાં કહે છે કે ૧૦૦ અંગ્રેજ =૧ યહુદી,૧૦૦ યહુદી=૧ ભારતીય અને ૧૦૦ ભારતીય=૧ ગુજરાતી.ગુજરાતી હોવા નું આપણ ને ગૌરવ હોવું જોઈએ.
મા,બહેન,દિકરી અને પત્ની ને પ્રેમ જે ભાષા માં ઊભરાય તે આપણી માતૃભાષા. ધંધા માં લક્ષ્મી કઈ રીતે પ્રાપ્ત કરવી તેનો વિચાર જે ભાષા માં આવે તે આપણી માતૃભાષા.કોઈ આપણી ગાડી ને તેની ગાડી અથડાવે અને આપણાં મોંમા ગાળ જે ભાષા માં આવે તે આપણી માતૃભાષા.
મારી માતૃભાષા ને લાખ લાખ સલામ!

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : " – માતૃભાષા મહોત્સવ સપ્તાહ "
શીર્ષક : " માતૃભાષા મારી ગુજરાતી "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૬૬ .
નામ : શ્યામ ગોયાણી ( શિવેન્દ્રનગર )

માનાં હાલરડે, બાળપણથી પીરસાતી,
ગમતી મને માતૃભાષા, મારી ગુજરાતી.

ભાવના પ્રગટી નર્મદની, માતૃભાષામાં,
રમઝટ બોલે દુહા છંદની માતૃભાષામાં,

મીરાનાં પદ, અખાના છપ્પાની ખ્યાતિ,
ગમતી મને માતૃભાષા, મારી ગુજરાતી.

મેઘાણીની કલમે લોકવાર્તામાં ચણાતી,
સંતો ને મહંતોની વાણીમાં એ વણાતી,

નરસૈયાનાં ભજનોમાં, પ્રભાતે ગવાતી,
ગમતી મને માતૃભાષા, મારી ગુજરાતી.

મીઠી મારી માતૃભાષા, મીઠા ગુજરાતી,
સદા કાળ ગુજરાત જયાં વસે ગુજરાતી,

ગુજરાતીનાં ’શ્યામ’ હર ચહેરે મુસ્કુરાતી,
ગમતી મને માતૃભાષા, મારી ગુજરાતી.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 00 51**
વિષય: " માતૃભાષા મહોત્સવ સપ્તાહ "
શીર્ષક: "મને વ્હાલી મારી માતૃભાષા..!"
પ્રકાર : પદ્ય

ભાષા અનેક હોય,
મારી ભાષા ગુજરાતી,
મને વ્હાલી મારી માતૃભાષા...!

શબ્દોમાં શીતળતા હોય,
અર્થમાં અર્થ ગુજરાતી,
મને વ્હાલી મારી માતૃભાષા..!

જ્ઞાનનો પ્રકાશ હોય,
સાહિત્યનો ભંડાર ગુજરાતી,
મને વ્હાલી મારી માતૃભાષા...!

વાતોની મીઠાશ હોય,
જમાવે મહેફિલ ગુજરાતી,
મને વ્હાલી મારી માતૃભાષા...!

ભાષાનો ભાવ હોય,
વિશ્વમાં ગરવો ગુજરાતી,
મને વ્હાલી મારી માતૃભાષા...!

નામઃ ઉર્વશી મહેતા.અમદાવાદ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG. SS No :194**
વિષય : માતૃભાષા મહોત્સવ
શીર્ષક :" મારી માતૃભાષા ગરવી ગુજરાતી"
પ્રકાર : પદ્ય , શબ્દ : ૧૪૦
નામ : ખ્યાતિ જીગર દેસાઈ.અમદાવાદ

" જીવના અસ્તિત્વના અણસારે માતૃભાષા વડે વ્યવહારની ભાષા કેળવાતી,
લાગણીસભર સંવાદો થકી નવશિશુમાં એ પ્રેમસભર રોપાતી.

જન્મ પછી એ મહેક લઈ પરિવારની, જીભ ઉપર વાણી થકી સ્થપાતી,
સુખ દુઃખ કે ભય પીડા ટાણે, ત્વરિત રૂપે એટલે એજ ઉચ્ચારાતી.

સંબંધોની ગરિમા જાળવતા અનેક સન્માનીય સંબોધનોથી એ મલકાતી,
વિચારોની અભિવ્યક્તિમાં અનેકો શબ્દો સંગ માનપૂર્ણ ઢબે એ સચવાતી.

સહજ,સરળ,શાલીન અને સત્વશીલ બની બોલી રૂપે એ સર્વત્ર વેંહચાતી ,
અજાણ્યા મુલકમાં પણ માતૃભાષા થકીજ પરાયાને પોતાના એ સહજતાથી બનાવતી.

ગર્વ છે મને હોવાનો ગુજરાતણનાર, અને મધ મીઠી મારી માતૃભાષાય ગુજરાતી,
નર્મદ,કલાપી,ગની,મેઘાણી સંગ અનેક સાહિત્યકારોની રસગાથાઓ એમાં વટથી સમાતી.

મારી માતૃભાષાને જાળવવા,સાચવવા થતા પ્રયત્નોથી મનોમન હું હરખાતી,
જીવનના તમામ ક્ષેત્રે એ આજીવન ટકી રહે એવી પ્રવૃત્તિઓને એટલેજ હું ટેકો આપતી.

પ્રસરતી રહે વિશ્વભરમાં પોષિત બની
આભાર - નિહારીકા રવિયા મારી માતૃભાષા ગરવી ગુજરાતી,
મજબૂત બની કાયમ રહે જીવંત, ’ખ્યાતિ’ની ખેવના સભર પ્રભુને વિનંતી છે આટલી."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS NO :- 219***
★વિષય :- માતૃભાષાનો મહોત્સવ★
★પ્રકાર :- ઊર્મિકાવ્ય★
★શીર્ષક :- મને ગમતી મારી માતૃભાષા★
★રચના:-★
★મને ગમતી મારી માતૃભાષા★

મને ગમતી અમારી માતૃભાષા ગુજરાતી,
હું બોલતા શીખેલી માતૃભાષા ગુજરાતી.
જન્મભૂમિની ★ભૂ★ માં બોલાય એ જ સાચી,
જન્મ દેનારી મા સમાન માતૃભાષા ગુજરાતી.

મા ની નાભીમાં બોલાય માતૃભાષા ગુજરાતી,
હું કાલી ઘેલી મીઠી બોલું માતૃભાષા ગુજરાતી,
વતનને વ્હાલ કરવા બોલાય પ્રાદેશિક ભાષા,
સ્વપ્નાંની ભાષા હોય એ માતૃભાષા ગુજરાતી.

મારી આગવી ઓળખ માતૃભાષા ગુજરાતી,
મારા વડિલોની બોલી માતૃભાષા ગુજરાતી,
દેશ-વિદેશમાં ગૌરવ અપાવે મારી લોકબોલી,
મારા ભણતરમાં ભણાય માતૃભાષા ગુજરાતી.

ગુજ્જુમાં બોલાય એ જ માતૃભાષા ગુજરાતી,
આંખો લહેકાથી બોલે માતૃભાષા ગુજરાતી,
માન-પાનને બહુમાન અપાવતી મારી ભાષા ગુજરાતી,
વિવિધતામાં એક્તા વાળી મારી માતૃભાષા ગુજરાતી.

નયના જગદીશકુમારસોલંકી,આંખો.સુરત

# એમસીએક્સ પર સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ સોનામાં રૂ.૫૮નો સુધારો, ચાંદી રૂ.૧૧૧ ઢીલી

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે આ લખાઈ રહ્યું છે ત્યારે રૂ.૧૬,૮૩૭.૧૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૪,૩૫૩.૩૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૨૪૮૦.૪૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૬૨,૨૧૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૨,૨૭૯ અને નીચામાં રૂ.૬૨,૧૫૧ ના મથાળે અથડાઈ, રૂ.૫૮ વધી રૂ.૬૨,૨૨૫ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૬૦ વધી રૂ.૪૯,૯૫૫ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩ વધી રૂ.૬,૦૯૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧ વધી રૂ.૬૧,૮૪૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૩૮૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૪૬૦ અને નીચામાં રૂ.૭૧,૦૮૦ ના મથાળે અથડાઈ, રૂ.૧૧૧ ઘટી રૂ.૭૧,૧૪૪ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૪૭ ઘટી રૂ.૭૧,૨૪૯ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૬૦ ઘટી રૂ.૭૧,૨૪૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ તાંબુ ફેબ્રુઆરી વાયદો રૂ.૭૨૬.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧.૪૦ વધી રૂ.૭૨૬.૫૫ જ્યારે એલ્યુમિનિયમ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨ વધી રૂ.૨૦૧.૩૦ તેમ જ સીસું ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૫ વધી રૂ.૧૭૮ના ભાવ થયા હતા. જસત ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨.૦૫ વધી રૂ.૨૧૪ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની ફેબ્રુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૮૦ વધી રૂ.૨૦૦.૯૫ સીસુ-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૫ વધી રૂ.૧૭૮.૧૫ જસત-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૮૫ વધી રૂ.૨૧૪ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ ક્રૂડ તેલ માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૩૯૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૪૨૭ અને નીચામાં રૂ.૬,૩૪૩ ના મથાળે અથડાઈ, રૂ.૫૫ ઘટી રૂ.૬,૩૭૫ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૫૪ ઘટી રૂ.૬,૩૮૦ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩૫ના ભાવે ખૂલી, રૂ.૮.૩૦ વધી રૂ.૧૪૦.૧૦ અને નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો ૮.૨ વધી ૧૪૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ કોટન ખાંડી માર્ચ વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૮૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૮૮૦ અને નીચામાં રૂ.૫૯,૬૮૦ ના મથાળે અથડાઈ, રૂ.૧૬૦ વધી રૂ.૫૯,૭૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૩.૫૦ વધી રૂ.૯૦૪.૫૦ બોલાયો હતો.

કામકાજની દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૭૦૨.૧૭ કરોડનાં અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૫૬૧.૩૧ કરોડનાં વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૨૧૭.૫૪ કરોડનાં ૭,૩૨૫ લોટ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧,૦૬૮.૭૦ કરોડનાં ૭૬,૮૦૪ લોટ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૨૫૨.૦૫ કરોડનાં ૩,૯૧૧ લોટ સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૭.૬૭ કરોડનાં ૪૭૯ લોટ તાંબાના વાયદાઓમાં રૂ.૨૪૯.૪૦ કરોડનાં ૧,૩૬૯ લોટ અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૨૬૩.૮૬ કરોડનાં ૪,૪૯૭ લોટના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૫.૧૭ કરોડનાં ૧૮ લોટ મેન્થા તેલ વાયદામાં રૂ.૫.૪૬ કરોડનાં ૧૬૭ લોટનાં કામકાજ થયાં હતાં.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૩.૩૭ કરોડનાં ૪૨ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૦૦ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૬,૦૨૫ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૪૦ અને નીચામાં ૧૫,૯૯૬ બોલાઈ, ૪૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૧ પોઈન્ટ વધી ૧૬,૦૧૧ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૧૨૪૮૦.૪૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૪૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૨૨.૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૨૩.૮૦ અને નીચામાં રૂ.૧૭૯.૬૦ ના મથાળે અથડાઈ, રૂ.૩૧.૪૦ ઘટી રૂ.૧૯૩ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૦.૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૦.૦૫ અને નીચામાં રૂ.૦.૦૫ રહી, અંતે કોઈ ફેરફાર વગર રૂ.૦.૦૫ સ્થિર હતો.

સોનું માર્ચ રૂ.૬૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૩.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૫ અને નીચામાં રૂ.૧૬૪ ના મથાળે અથડાઈ, રૂ.૭.૫૦ ઘટી રૂ.૧૭૬.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૬૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૮૦ ખૂલી, ઊપરમાં રૂ.૯૦૦ અને નીચામાં રૂ.૮૬૩ રહી, અંતે રૂ.૪૬.૫૦ વધી રૂ.૮૬૩ થયો હતો.

ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૪૯.૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૭ ઘટી રૂ.૨૩ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૩,૮૭૦.૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૯ ઘટી રૂ.૩,૬૪૧ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ માર્ચ રૂ.૬,૩૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૭૪.૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૦૭.૪૦ અને નીચામાં રૂ.૧૭૧.૧૦ ના મથાળે અથડાઈ, રૂ.૨૩.૨૦ વધી રૂ.૧૯૫.૬૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૧૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૦.૦૫ ખૂલી, ઉપરમાં રૂ.૦.૦૫ અને નીચામાં રૂ.૦.૦૫ રહી, અંતે કોઈ ફેરફાર વગર રૂ.૦.૦૫ સ્થિર હતો.

સોનું માર્ચ રૂ.૬૧,૫૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૪.૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૫૪ અને નીચામાં રૂ.૩૪૪ ના મથાળે અથડાઈ, રૂ.૪૦.૫૦ ઘટી રૂ.૩૪૪ થયો હતો, જ્યારે સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૬૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૧ ખૂલી, ઊપરમાં રૂ.૩૨૭ અને નીચામાં રૂ.૨૩૦ રહી, અંતે રૂ.૨૧ ઘટી રૂ.૨૯૦ થયો હતો.

ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૬૬.૫૦ના ભાવે ખૂલી, રૂ.૨૬ વધી રૂ.૯૯૯.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની એપ્રિલ રૂ.૭૨,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૪૦૩.૦૦ના ભાવે ખૂલી, રૂ.૪૦.૫૦ ઘટી રૂ.૧,૪૩૦ થયો હતો.

# મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪મા ડાંગ જિલ્લામા કુલ રૂ.૧૩૫૫૦ લાખની કિંમતના માર્ગોના નવિનિકરણના કામો મંજૂર કરતી રાજ્ય સરકાર



**વન વિસ્તારોમાંથી પસાર થતા ૩૧ રસ્તાઓનુ સુદ્રઢીકરણ તેમજ મરામતની કામગીરી હાથ ધરાશે**

**ગ્રામીણજનોની લાગણી અને માંગણી પ્રત્યે રાજ્ય સરકારે સહાનુભૂતિ દર્શાવી છે**

આહવા:

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪મા ડાંગ જિલ્લા પંચાયત હસ્તકના વન વિસ્તારમાંથી પસાર થતા જુદા જુદા રસ્તાઓનુ સુદ્રઢીકરણ અને મરામત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા હકારાત્મક અભિગમ સાથે જોબ નંબર ફાળવવામા આવ્યા છે.


ડાંગ જેવા દુર્ગમ વિસ્તારના વાહન ચાલકો અને પ્રજાજનોની માંગણીને વાચા આપતા, ડાંગના ધારાસભ્ય-વ-ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ દ્વારા, સરકાર કક્ષાએથી ડાંગ જિલ્લાના આહવા, વઘઇ, અને સુબિર તાલુકામા આવેલા પંચાયત હસ્તકના કુલ ૧૭ જેટલા માર્ગોને રૂપિયા ૩૭૦૦ લાખની માતબર રકમે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત વન વિસ્તારમાંથી પસાર થતા માર્ગોનુ બાંધકામ અને સુદ્રઢીકરણ કરવાની મંજુરી આપવામા આવી છે. આ ઉપરાંત બજેટ ઉચ્ચક જોગવાઇ વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત કુલ ૧૪ જેટલા અંતરિયાળ માર્ગોના રૂપિયા ૯૮૫૦ લાખની માતબર રકમના મરામતની કામગીરીને પણ જોબ નંબર ફાળવવામાં આવ્યા છે.

ધારાસભ્યશ્રી તરફથી મળેલી વિગતો અનુસાર ડાંગ જિલ્લાના (૧) કુડકસ થી ચીકાર રોડ, (૨) પિપલદહાડ થી જામનસોંઢા રોડ, (૩) ટાંકલીપાડા થી ગારખડી રોડ, (૪) શિંગાણા થી મુરૂમવિહિર રોડ, (૫) માંળુગા થી શ્રીભવન રોડ, (૬) જામલાપાડા થી ઉગા રોડ, (૭) નાનાપાડા થી ખાપરી રોડ, (૮) દેવીપાડા થી હાડકાઈચોંન્ડ રોડ, (૯) સાકરપાતળ થી સુર્ગાણા રોડ (દગુનીયા સુધી), (૧૦) કીલાઇબારી થી ભેંડમાળ રોડ, (૧૧) મહાલ થી કાલીબેલ-ચીખલા રોડ, (૧૨) ઝાવડા થી પારડી રોડ, (૧૩) કાલીબેલ થી ટેકપાડા રોડ, (૧૪) ભુજાડ થી બરડીપાડા રોડ, (૧૫) ચિખલા થી બરડીપાડા રોડ (વાયા ભાંગરાપાની), (૧૬) ઘુબીટા થી ચનખલ રોડ, (૧૭) ગૂશમાઈબારી થી ઝરીયા રોડ મળીને કુલ લંબાઈ ૧૦૧.૫૮ કિલોમીટર, અને અંદાજીત રકમ રૂ.૩૭૦૦ લાખ જેટલી રકમના રસ્તાઓનું રીસરફેસીંગ તથા જરૂરી સી.ડી.વર્કસ/પ્રોટેક્સન વોલની કામગીરી મંજૂર કરવામાં આવી છે.

આ ઉપરાંત બજેટ ઉચ્ચક જોગવાઇ વર્ષ ૨૦૨૩-૨૪ અંતર્ગત (૧) કરંજડા થી શેપુઆંબા રોડ, (૨) શિંગાણા થી કાકશાળા રોડ, (૩) પિપલદહાડ થી ગારખડી (વાયા ચિંચલી) રોડ, (૪) લવચાલી થી વાયા ચિંચલી-પિપલાઇદેવી રોડ, (૫) બરડીપાડા થી સાવરખડી રોડ, (૬) બરડીપાડા થી સાજુપાડા રોડ, (૭) ગલકુંડ થી કાંચનઘાટ રોડ, (૮) બોરખલ થી હોલબારી રોડ, (૯) બોરખલ થી લીગા રોડ, (૧૦) ગલકુંડ-ચૌક્યા (વાયા લિંગા) રોડ, (૧૧) વડથલ થી ભવાનદગડ (વાયા સુંદા) રોડ, (૧૨) ચિકટીયા થી કલમપાણી રોડ, (૧૩) પિંપરી થી ભવાનદગડ રોડ, (૧૪) પિપલાઈદેવી થી પિપલદહાડ રોડ મળી કુલ લંબાઇ ૧૪૭.૫૩ કિલોમીટર, અને અંદાજીત રકમ રૂ.૯૮૦૦ લાખ જેટલી રકમના રસ્તાઓનુ નુકશાનગ્રસ્ત લંબાઇમા મરામતની કામગીરી તેમજ બ્રિજ/સ્ટ્રક્ચર/પ્રોટેક્સન વોલની કામગીરી મંજુર કરવામાં આવી છે.આમ, ડાંગના ધારાસભ્ય-વ-ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ દ્વારા વર્ષો જુના રોડ રિપેરીગના પ્રશ્નોનો પ્રજાની લાગણી અને માંગણી મુજબ હલ કરી, રાજ્ય સરકાર દ્વારા વન વિભાગના રસ્તાઓના નવિનીકરણ માટેની મંજુરી આપવામા આવી છે.

આ રસ્તાઓ પ્રજા ઉપયોગી તેમજ પ્રવાસીઓ માટે ખુબ જ ઉપયોગી સાબીત થશે, તેમ ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે રાજ્ય સરકાર પ્રત્યે આભારનો ભાવ પ્રગટ કરતા જણાવ્યું હતું.

# ડાંગ પોલીસ કર્મીઓને બે મહિનાનો પગાર નહી મળતા જીવન ધોરણ ખોરવાતા આવેદનપત્ર આપ્યું



ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના આઈ.ટી સેલ પ્રમુખ મનીષ મારકણા ની આગેવાનીમાં આજરોજ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું છે જેમાં જણાવ્યા પ્રમાણે ડાંગ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓનો છેલ્લા બે માસનો પગાર હજુ બાકી છે અને ત્રીજો માસ પણ પૂરો થવા આવ્યો છે ત્યારે હજુ પગાર નહીં ચૂકવાતા પોલીસ કર્મચારી ઓનો જીવન ધોરણ ખોરવાયો છે ડાંગ વહીવટી તંત્ર પોલીસ કર્મચારીઓને પડી રહેલી મુશ્કેલીઓ ને ધ્યાને રાખી વહેલી તકે પગાર ચૂકવે તેવી માંગ કરવામાં આવી છે જો કર્મચારીઓનો પગાર ૧૫ દિવસમાં ચૂકવવામાં નહીં આવશે તો આગામી દિવસમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે ની ચીમકી ઊંચારાઈ છે.





# શ્રી બજરંગી સાર્વજનિક વિવિધ કાર્યકારી મંડળ, ધવલીદોડ - ડાંગ દ્વારા વાલી સંમેલન નું આયોજન કરવામાં આવ્યું



ડાંગ જિલ્લા આહવા મુખ્ય મથક ખાતે શ્રી બજરંગી સાર્વજનિક વિવિધ કાર્યકારી મંડળ, ધવલીદોડ -ડાંગ દ્વારા જય હિન્દ ઉચ્ચતર માધ્યમિક કન્યા છાત્રાલય, આહવા અને મધર ઈન્ડિયા માધ્યમિક કન્યા છાત્રાલય -મહાલ અને વૈદાંતી પ્રાયમરી ઈંગ્લીસ મીડીયમ સ્કૂલ, આહવા ડાંગ દ્વારા વિધાર્થી અને વિધાર્થીનીઓનો શુભેચ્છા કાર્યક્રમ,વાલી સંમેલન, મંડળના પ્રમુખ રમેશભાઈ એન ગાંગોડા દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિધાર્થી અને વિધાર્થીનીઓનો દ્વારા વિવિધ સાંસ્કુતિક કાર્યકમો કરવામાં આવેલા આ કાર્યક્રમ માં ઉપસ્થિત મેહમાનો ધવલીદોડ ગ્રામ પંચાયત ના સરપંચ સામાજિક કાર્યકર નિલેશભાઈ, વિવિધ સ્કૂલના પ્રિન્સિપાલ અને વિદ્યાર્થી ઓના વાલી હાજર રહ્યા હતા

મહેમાનો એ પ્રાસંગીક પ્રવચનો કરી પરીક્ષાર્થી ઓની સફળતા માટે શુભ કામનાઓ પાઠવી હતી. શાળા ના ટ્રસ્ટી રમેશભાઈ એન ગાંગોડા દ્વારા આભાર વિધિ કરીહતી. પ્રિન્સીપાલ દેખરેખ હેઠળ શીક્ષક સ્ટાફે ખૂબ જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો

# ચાણસ્મા ની છમીસા કેનાલમાંથી ત્રણ દિવસ પહેલા ગુમ થયેલી વિદ્યાર્થીની ની લાશ મળી આવી.

ચાણસ્મા તાલુકાના છમીસા ગામે આવેલ કેનાલમાંથી આજરોજ વહેલી સવારે એક ૧૬ વર્ષીય કિશોરીની લાશ મળી આવી હતી જેની તપાસ કરતા જે કિશોરી ત્રણ દિવસ પહેલા સ્કૂલ ગયા બાદ પરત ફરી ન હતી ત્યારે આજરોજ વહેલી સવારે કેનાલમાંથી લાશ મળી આવતા પરિવારજનોને જાણ કરતા લાશ કિશોરીની હોવાનું ઓળખ થતા પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી તેમજ લાશને પીએમ અર્થે ચાણસ્મા રેફરલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી તેમજ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરી હતીચાણસ્મા તાલુકામાં આવેલ કેનાલોમાંથી રામગઢ ,કંબોઈ તેમજ છમીસા કેનાલ માંથી અવારનવાર લાશો નીકળવાની ઘટનાઓ યથાવત રહેતી હોય છે ત્યારે વધુ એક લાશ આજરોજ વહેલી સવારે નીકળવા પામી હતી જેમાં આ ત્રણ દિવસ પહેલા ચાણસ્મા તાલુકાના છમીસા ગામે રહેતા નરેશભાઈ સોલંકીની દીકરી નિયતિબેન દ્વારા વહેલી સવારે અભ્યાસ અર્થે સ્કૂલમાં ગયા બાદ પરત ન ફરતા પરિવારજનોમાં ચિંતાનું મોજું ફરી વળ્યુ હતું તેમ જ ભારે શોધ ખોળ બાદ ચાણસ્મા પોલીસ મથકે જાણવાજોગ ફરિયાદ દાખલ કરાઈ હતી ત્યારે આજરોજ વહેલી સવારે છમીસા કેનાલમાંથી એક લાશ મળી આવ્યા ના સમાચાર પરિવારજનોને મળતા પરિવાર દ્વારા ત્યાં પહોંચી જતા લાશની ઓળખ વિધિ કરવામાં આવતા તેઓની પુત્રી હોવાનુ જણાતા પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી તેમજ પોલીસને જાણ કરાતા પોલીસ દ્વારા ઘટના સ્થળે પહોંચી લાશ ને ચાણસ્મા રેફરલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડવામાં આવી હતી

# સરકારી વિનયન કોલેજ, અમીરગઢમાં વિશ્વ માતૃભાષા દિનની ઉત્સાહભેર ઉજવણી કરાઇ



તા. ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સરકારી વિનયન કૉલેજ, અમીરગઢ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે માતૃભાષા મહોત્સવ અંતર્ગત આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિનની ઉત્સાહસભર, રંગારંગ ઊજવણી કરવામાં આવી. જેમાં વક્તા તરીકે ગુજરાતી ભાષાના સુખયાત કવિ/ગઝલકાર શ્રી મુસાફિર પાલનપુરી અને જી. ડી. મોદી આર્ટ્સ કૉલેજ, પાલનપુરના ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડૉ. સોહન દવે ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થના/ શ્લોકગાનથી કરવામાં આવી. કાર્યક્રમના આરંભે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો વિડીયો સંદેશ અને અકાદમીના અધ્યક્ષશ્રી ભાગ્યેશ જહા સાહેબનો શુભેચ્છા સંદેશ બતાવવામાં આવ્યો. વિડીયો નિદર્શન બાદ બંને વક્તાઓનંર પુષ્પગુચ્છ અને અકાદમીએ ભેટરૂપે મોકલેલા પુસ્તકો દ્વારા સંસ્થા વતી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ શ્રીમુસાફિર પાલનપુરીએ ઉત્તમ ગઝલના શેર દ્વારા પાલનપુરી લયલહેકાયુક્ત ભાષાશૈલીમાં માતૃભાષા વિશે સુંદર વ્યાખ્યાન રજૂ કર્યું હતું. ડૉ. સોહન દવેએ ગુજરાતી ભાષાનું ગૌરવગાન વિષય અંતર્ગત માતૃભાષાનું મહત્વ, તેની મીઠાશ, વિશે વૈવિધ્યસભર વ્યાખ્યાન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમની ફોટોગ્રાફી અને વિડીયો રેકોર્ડિંગ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્યશ્રી, અધ્યાપકો તેમજ કૉલેજના અને સ્થાનિક ઉચ્ચતર માધ્યમિક શાળાના વિધ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં ઉદ્ઘોષક (સંચાલક) તરીકે ડૉ. વર્ષા એન. ચૌધરીએ ભૂમિકા ભજવી હતી. તો કાર્યક્રમનું સુચારું આયોજન અને સંચાલન (સંયોજક) ડૉ. મહેશ પ્રજાપતિ દ્વારા સંસ્થાના આચાર્યશ્રી ડૉ. નયન કે. સોનારાના માર્ગદર્શન હેઠળ તેમજ કૉલેજના આધ્યાપકોના સહકારથી કરવામાં આવ્યું હતું.







ઉત્તર ગુજરાતની પાવનભૂમિ પર અલૌકિક તીર્થસ્થાન વાળીનાથ શિવમંદિર તરભ-વિસનગર ખાતે દર્શનનો લાભ લઈ સર્વજનકલ્યાણની પ્રાર્થના કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદશ્રી શક્તિસિંહ ગોહિલ, વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા, ઉપનેતાશ્રી શૈલેષ પરમાર, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી જગદીશભાઈ ઠાકોર, પૂર્વ સાંસદશ્રી અલકાબેન ક્ષત્રિય, ધારાસભ્યશ્રી ગેનીબેન ઠાકોર, ડૉ. કિરીટભાઈ પટેલ, દિનેશભાઈ ઠાકોર, શ્રી અમરતજી ઠાકોર, અમદાવાદ શહેર પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, પૂર્વ ધારાસભ્યશ્રી રઘુભાઈ દેસાઈ, શ્રી બળદેવજી ઠાકોર, પ્રદેશ ઉપપ્રમુખશ્રી બિમલભાઈ શાહ, મહામંત્રીશ્રી બળદેવભાઈ લુણી, શ્રી રાજુભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી રાજુભાઈ જોષી સહિત સ્થાનિક સામાજીક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ પૂર્વ પ્રમુખ જગદીશભાઈ ઠાકોર, વિધાનસભા કોંગ્રેસપક્ષના નેતાશ્રી અમિતભાઈ ચાવડા, ઉપનેતાશ્રી શૈલેષભાઈ પરમાર સહિત ગણમાન્ય કોંગ્રેસ સમિતિના પદાધિકારીઓ ઉત્તર ગુજરાતમાં વિસનગરના તરભ ખાતે શિવધામ વાળીનાથ અખાડામાં નવીન બંધાયેલા શિવ ધામના સાત દિવસ ચાલનારા મહોત્સવમાં ભાગ લેવા માટે જતાં ઉંઝા સૌ કાર્યકરો સાથે કડવા પાટીદાર કુળદેવી ઉમિયા માતાજી મંદિરમાં દર્શન કર્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.